RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 330* Date: 27.09.2020 Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### સરહદે વિવાદ વચ્ચે ભારતનો ચીનને સ્પષ્ટ સંદેશ

## હવે કોઈ અવળચંડાઈ કરી તો અમે ફાયરિંગ કરતાં ખચકાઈશું નહીં



**એરફોર્સે જુસ્સાદાર નિવેદન આપતા કહ્યું હતું કે ચીન અને પાકિસ્તાન બન્ને સરહદે પહોંચી વળવા સક્ષમ છીએ.**

*ન્યુ દિલ્હી,તા.૨૬*

ચીન એ વાત સ્વિકારવા તૈયાર નથી કે લદ્દાખ લાઈન ઓફ એક્ચ્યુલ કન્ટ્રોલ ખાતે તેણે જ કરારનો ભંગ કર્યો છે. ચીન સ્વિકારતું નથી, માટે પાછું ખસવા તૈયાર નથી. ગમે તેટલી વાટાઘાટો થાય અને વાટાઘાટો પછી ગમે તેટલા આશ્વસનો અપાય, સરહદ પર સૈન્ય જમાવડામાં કશો ફરક પડતો નથી. વધુમાં હવે ભારતીય સૈન્યને ચીની સૈનિકો પર જરાય ભરોસો નથી રહ્યો. માટે ભારતે ચીનને સ્પષ્ટ સંદેશો આપી દીધો છે કે જો તમારા સૈનિકો દ્વારા કોઈ અવળચંડાઈ કરવામાં આવશે તો હવે અમે ફાયરિંગ કરતાં પણ અચકાઈશું નહીં. બીજી તરફ એરફોર્સે જુસ્સાદાર નિવેદન આપતા કહ્યું હતું કે ચીન અને પાકિસ્તાન બન્ને સરહદે પહોંચી વળવા સક્ષમ છીએ. જરૂર પડયે બન્ને મોરચે એરફોર્સ એક સાથે લશ્કરી ઓપરેશન લૉન્ચ કરી શકે એમ છે. ભારતે પહેલેથી જ ચીન-પાકિસ્તાન બન્ને સરહદ નજીક આવેલા એરબેઝ અને અન્ય વ્યુહાત્મક એરબેઝ પર ફાઈટર વિમાનો ખડકી દીધા છે. લદ્દાખના આકાશમાં રોજ સુખોઈ, મિગ, હવે તો રફાલ. વગેરે વિમાનો ઉડતાં નજરે પડે છે. જ્યારે સી-૧૩૦જે, આઈએલ-૭૬, એન્તનોવ-૩૨ જેવા ટ્રાન્સપોર્ટ વિમાનો દિવસ-રાત ઉડતા રહી લશ્કરી સામગ્રી સરહદે પહોંચાડી રહ્યા છે. મૂળભૂત રીતે ચીને ૨૦૧૭ના દોકલામ સંઘર્ષ પછી સરહદી પ્રોટોકોલનો ભંગ કરવાની શરૂઆત કરી હતી. સામાન્ય રીતે જ્યાં ૧૫-૨૦ સૈનિકો રાખીને પેટ્રોલિંગ કરવાનું હોય એવા સ્થળોએ ચીને ૫૦-૧૦૦ સૈનિકો ખડકવાની શરૂઆત કરી દીધી હતી. છતાં ચીન એવો આક્ષેપ કરે છે કે ભારતીય સૈન્ય ઘૂસણખોરી કરી રહ્યું છે. એટલે લાંબી લાંબી વાતોના ગાડા ભર્યા પછી સૈન્યની ધિરજ ખૂટવા આવી છે. એ સંજોગોમાં હવે જો ચીની સૈનિકો હુમલો કે ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરશે કે એલએસીમાં ફેરફાર કરવા પ્રયત્ન કરશે તો ભારતીય સૈનિકો ફાયરિંગ કરતા અચકાશે નહીં. અત્યાર સુધી ભારતે ફાયરિંગ ન કરવાનું વલણ અપનાવ્યું હતું.

નેપાળની કમ્યુનિસ્ટ પાર્ટીની સરકારે ચીન આગળ શરણાગતી સ્વિકારી લીધી છે. ચીને નેપાળના ઘણા ભાગોમાં ઘૂસણખોરી કરી નાખી છે. એ વાત કેટલાક નેપાળી અધિકારીઓએ જાહેર કરી દીધી હતી. તેનાથી નેપાળ સરકારની નાકામયાબી અને ચીનની દાદાગીરી ઉજાગર થઈ હતી. પરંતુ નેપાળ સરકારે આવી માહિતી જાહેર કરનારા અધિકારી પાસે માફી મંગાવી છે. એટલું જ નહીં ચીનને નિર્દોષ જાહેર કરી દીધું છે. એટલે નેપાળ સરકાર ચીનને કેટલી હદ સુધી તાબે થઈ ચૂકી છે એ અહીં સ્પષ્ટ થાય છે. ચીન સામ્યવાદી વિચારધારા ધરાવે છે અને નેપાળમાં અત્યારે સામ્યવાદી સરકાર હોવાથી ચીનની સરકાર જ પરોક્ષ રીતે નેપાળનું શાસન ચલાવે છે એમ કહી શકાય.

## પોતાના કબજે કરેલા 'ગુલામ કાશ્મીર'ને ખાલી કરે પાકિસ્તાન : ભારતનો જડબાતોડ જવાબ

*યુએન,તા.૨૬*

યુએનની ૭૫ મી વર્ષગાંઠ પર પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને ફરી એક વાર પોતાના ભાષણમાં જમ્મુ-કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો. શનિવારે ભારતે જવાબ આપતા કહ્યું કે જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. એટલું જ નહીં ભારતે પાકિસ્તાનને પીઓકેના ગેરકાયદેસર પચાવી પાડેલી જગ્યા ખાલી કરવા પણ કહ્યું છે. શનિવારે, યુએનને જવાબ આપવા માટે ભારતના અધિકારનો ઉપયોગ કરતા ભારત મિશનના પ્રથમ સચિવ મિજિતો વિનિતોએ કહ્યું કે હવે કાશ્મીર પર માત્ર પીઓકેની વાત જ બચી છે.

આ સિવાય મિજિતોએ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનને સંયુક્ત રાષ્ટ્રના મંચ પરથી ભારત વિરુદ્ધ 'જુઠ્ઠાણા' ફેલાવવાનો યોગ્ય જવાબ આપ્યો. તેમણે આતંકવાદ પર પાકિસ્તાન પર નિશાન સાધ્યું હતું. ઈમરાન ખાનને નિશાન બનાવતા મિજિતોએ કહ્યું કે યુએન પ્લેટફોર્મ પર આજે એક નેતાએ ઝેર ઓક્યુ છે, જેમણે પોતે સ્વીકાર્યું છે કે આતંકવાદીઓ તેમના દેશમાં તાલીમ મેળવે છે.

ભારતની તરફથી પાકિસ્તાનને જવાબ આપતા મિજિતોએ કહ્યું કે પાકિસ્તાનના નેતાએ આજે ??કહ્યું હતુ કે આવા લોકો જે નફરત અને હિંસા ફેલાવવાનું કામ કરે છે તેમને ગેરકાયદેસર જાહેર કરી દેવા જોઈએ. જ્યારે તેમણે એવુ કહ્યું ત્યારે અમને ખૂબ આશ્ચર્ય થયું. શું તેઓ પોતાનો જ ઉલ્લેખ કરી રહ્યા હતા? મિઝિતોએ વધુમાં કહ્યું કે આ સભા એ સતત એક એવી વ્યક્તિ (પાકિસ્તાનના વડા પ્રધાન)ની વાત સાંભળી છે જેની પાસે આજે પોતાને દેખાડવા માટે કંઈ જ નથી. એવી કોઈ સિદ્ધિ નહોતી જેના પર તે બોલી શકે. દુનિયા માટે તેમની પાસે કોઈ સૂચનો નહોતા.

ઈમરાન ખાને કાશ્મીરને લઈને ઉભા કરેલા પ્રશ્નના જવાબમાં સેક્રેટરીએ ફરીથી ભારપૂર્વક જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે. તેમણે કહ્યું કે કાશ્મીરને લઈને જે પણ વિવાદ બાકી છે તે પાકિસ્તાનના ગેરકાયદેસર કબ્જાને લઇ છે. અમે પાકિસ્તાને ચેતવણી આપી છે કે તેમણે ગેરકાયદેસર રીતે કબજે કરેલા વિસ્તારોને ખાલી કરી દો.

## કોરોના રસી પહેલાં વિશ્વમાં ૨૦ લાખ લોકો વાયરસથી મોતને ભેટી શકે છે: WHO

*જિનિવા,તા.૨૬*

દુનિયાભરમાં કોરોના વાયરસથી મૃત્યુઆંક ૨૦ લાખ સુધી પહોંચી શકે છે. વિશ્વ આરોગ્ય સંગઠને આ વાત કહી છે. WHO એ કહ્યું કે એક સફળ રસી મળવા અને વ્યાપક સ્તર પર લોકોને રસી આપતા પહેલાં કોરોનાથી થનાર મોતનો આંકડો ૨૦ લાખ સુધી પહોંચી શકે છે.

WHOએ એમ પણ કહ્યું છે કે જો મહામારીને રોકવા માટે સંગઠિત થઇ પગલાં લેવામાં આવશે નહીં તો મૃત્યુઆંક ૨૦ લાખથી વધુ થઈ શકે છે. આપને જણાવી દઈએ કે અત્યાર સુધી વિશ્વમાં કોરોના સંક્રમણના ૩ કરોડ ૨૭ લાખથી વધુ કેસ થઈ ચૂક્યા છે.

માઈક રયાને કહ્યું કે આપણે કોઈ પણ રીતે મહામારીમાંથી બહાર નીકળી શક્યા નથી. તેમણે એમ પણ કહ્યું કે નવા કેસોમાં યુવાનોને દોષ દેવો જોઈએ નહીં. તેમણે કહ્યું કે આશા છે કે આપણે એકબીજા સામે આંગળી ચીંધીશું નહીં. માઈક રયાને જણાવ્યું હતું કે ઘરોમાં પાર્ટીઓ થઈ રહી છે જેમાં તમામ ઉંમરના લોકો સામેલ લઈ રહ્યા છે

કોરોના વાયરસથી અમેરિકામાં ૨ લાખ ૮ હજારથી વધુ, ભારતમાં ૯૩ હજારથી વધુ, બ્રાઝિલમાં એક લાખ ૪૦ હજારથી વધુ અને રશિયામાં ૨૦ હજારથી વધુ લોકોનાં મોત થયાં છે. સૌથી વધુ સંક્રમણના કેસમાં અમેરિકા ટોપ પર છે જયાં કુલ કેસ ૭૨ લાખને પાર કરી ગયા છે. ભારત બીજા નંબર પર છે જયાં અત્યાર સુધીમાં ૫૯ લાખ કેસ સામે આવી ચૂકયા છે.

રોયટર્સના રિપોર્ટ પ્રમાણે WHOનાં ઈમરજન્સી પ્રોગ્રામના વડા માઈક રયાને કહ્યું કે ૨૦ લાખ લોકોનાં મોત એ માત્ર આકારણી નથી, પરંતુ આમ થવાની સંભાવના ખૂબ જ વધુ છે. કોરોના વાયરસ સામે આવ્યા બાદથી અત્યાર સુધીમાં છેલ્લા ૯ મહિનામાં કુલ ૯.૯૩ લાખ લોકોનાં મોત થઇ ચૂકયા છે.

## રામલલા બાદ હવે શ્રીકૃષ્ણ જન્મભૂમિનો કેસ કોર્ટમાં, શાહી મસ્જિદ હટાવવાની માંગ

*મથુરા,તા.૨૬*

અયોધ્યા બાદ હવે મથુરામાં શ્રીકૃષ્ણના મંદિરનો મામલો અદાલત સુધી પહોંચી ગયો છે.મથુરામાં કૃષ્ણ જન્મભૂમિ પર બનેલી મસ્જિદ હટાવવાની માંગ સાથે મથુરાની સિવિલ કોર્ટમાં એક કેસ કરવામાં આવ્યો છે.જેમાં જન્મભૂમિ પરિસરની ૧૩ એકર જમીન પર કબ્જો માંગવામાં આવ્યો છે અને શાહી મસ્જિદ ઈદગાહ હટાવવાની માંગ કરવામાં આવી છે.

ભગવાન શ્રીકૃષ્ણ બિરાજમાનની રંજના અગ્નિનહોત્રી તરફથી સુપ્રીમિ કોર્ટના વકિલે અરજી દાખલ કરી છે.જેમાં જમીનને લઈને ૧૯૬૮માં જે સમાધાન કરાયુ હતુ તેને ખોટુ હોવાનુ કહેવાયુ છે.આ કેસ કરવામાં કુલ ૬ કૃષ્ણ ભક્તોનો સમાવેશ થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ બિરાજમાન અને સ્થાન શ્રીકૃષ્ણ જન્મભૂમિના નામથી દાખલ કરાયેલી પિટિશનમાં કહેવાયુ છે કે, જે જગ્યાએ હાલમાં મસ્જિદ છે ત્યાં જ જેલ હતી અને તેમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો.

ઉલ્લેખનીય છે કે, ૧૯૫૧માં શ્રીકૃષ્ણ જન્મભૂમિ ટ્રસ્ટ બનાવાયુ ત્યારે નક્કી કરાયુ હતુ કે, ફરી મંદિરનુ નિર્માણ કરવામાં આવશે અને ટ્રસ્ટ દ્વારા તેનુ આયોજન કરાશે.૧૯૫૮માં શ્રીકૃષ્ણ જન્મ સ્થાન સેવા સંઘ નામની સંસ્થા બનાવાઈ હતી અને જમીન પર કબ્જો મેળવવા માટે સંસ્થાએ કાર્યવાહી શુ કરી છે.સંસ્થાએ ૧૯૬૪માં જમીન પર કબ્જો મેળવવા માટે એક સિવિલ કેસ દાખલ કર્યો હતો.જોકે સંસ્થાએ ૧૯૬૮માં જાતે જ મુસ્લિમ પક્ષ સાથે સમાધાન કરી લીધુ હતુ અને તેના ભાગરુપે મુસ્લિમ પક્ષે મંદિર માટે જમીન છોડી હતી અને તેના બદલામાં તેને મંદિર સાથે જોડાયેલી જગ્યા આપી દેવામાં આવી હતી.

આ સમાધાનને જ હવે કોર્ટમાં પડકારવામાં આવ્યુ છે.જોકે કેસ સામે મોટી આડખીલી પ્લેસ ઓફ વરશીપ એક્ટ,૧૯૯૧ છે.જે બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવ્યા બાદ બનાવાયો હતો.જે પ્રમાણે આઝાદીના દિવસથી જે ધર્મસ્થળનો કબ્જો જેની પાસે છે તેની પાસે જ રહેશે.

## ડીઆરડીઓ સ્વદેશી સાધનો વડે પિનાકા મિસાઈલ બનાવશે

*ન્યુ દિલ્હી,તા.૨૬*

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનએ ઘરઆંગણે સ્વદેશી સાધનો વડે પિનાકા મિસાઈલ મોટે પાયે બનાવવાના વિરાટ કાર્યનો આરંભ કર્યો હતો. એ પોતે તૈયાર કરેલી તમામ વિગતો ધ ડાયરેક્ટોરેટ ઑફ ક્વોલિટી એસ્યોરન્સને મોકલી આપી હતી. દેશના સંરક્ષણ માટે બનતી તમામ ચીજોની ગુણવત્તા ચકાસવાનું કામ ઙ્ઘ્ઉદ્બ કરે છે. એટલે કોઈ પણ નવું શસ્ત્ર બનાવતા પહેલા તેની સંપૂર્ણ વિગતો ઙ્ઘ્ઉદ્બને મોકલવી જરૂરી હોય છે. આ વિગતોમાં પિનાકા મિસાઈલ, મિસાઈલ લોન્ચર્સ, બેટરી કમાન્ડ પોસ્ટ વગેરેનો સમાવેશ થાય છે. પિનાકા એક ફ્રી ફ્લાઈટ આર્ટિલરી રૉકેટ સિસ્ટમ છે. એની રેંજ સાડા સાડત્રીસ કિલોમીટરની છે. પિનાકા રૉકેટ્સ મલ્ટિ બેરલ રૉકેટ લોન્ચર્સ દ્વારા છોડવામાં આવે છે. માત્ર ૪૪ સેકંડમાં આ રૉકેટ લોન્ચર ૧૨ રૉકેટ્સ છોડી શકે છે. જે ટાર્ગેટને વીંધી નાખે છે. તાજેતરમાં DRDOએ મહારાષ્ટ્રના અહમદનગર વિસ્તારની ફાયરીંગ રેંજમાં લેઝર સંચાલિત એક એન્ટી ટેક્ક મિસાઈલનો સફળ અખતરો કર્યો હતો. આ મિસાઈલ ચાર કિલોમીટર દૂરના ટાર્ગેટને વીંધી શકે છે, એમ આ મિસાઈલ વિશે બોલતાં એક પ્રવક્તાએ કહ્યું હતું. અહમદનગરમાં આવેલા આર્મ્ડ કોર સેન્ટર એન્જ સ્કૂલની કેકે રેંજમાં ચાલુ માસની ૨૩મીએ અર્જુન ટેંક વડે આ એન્ટી ટેક્ક મિસાઈલનો પ્રયોગ કરાયો હતો. આ પ્રયોગને સફળતા મળી હતી.

### ત્રણ વર્ષમાં ૧.૫ કરોડ પાઉન્ડની ઘટનો અંદાજ

## કોવિડ-૧૯ની અસર: ક્વિન એલિઝાબેથ પણ ખર્ચા ઘટાડશે

*લંડન,તા.૨૬*

બ્રિટનના ક્વીન એલિઝાબેથ-૨ અને તેમના પરિવારને કોરોના વાઈરસને કારણે ૩.૫ કરોડ પાઉન્ડ (૪.૫ કરોડ ડોલર)નો ફટકો પડ્યો છે. રાજવી કુટુંબના મની મેનેજરે શુક્રવારે જણાવ્યું હતું કે, રાણીની આવકમાં ઘટાડો થવાનું આંશિક કારણ પર્યટકોની ગેરહાજરી છે.

રાજવી પરિવારનો વાર્ષિક હિસાબ જાહેર કરતી વખતે માઈકલ સ્ટિવન્સે જણાવ્યું હતું કે, કોરોનાને પગલે રાજવી પરિવારના મહેલ અને અન્ય ઈમારતોની મુલાકાત લેતા પર્યટકો પાસેથી થતી આવક બિલકુલ બંધ થઈ હોવાથી ત્રણ વર્ષના ગાળામાં ૧.૫ કરોડ પાઉન્ડ (૧.૯ કરોડ ડોલર)ની ઘટ પડવાનો અંદાજ છે.

સ્ટિવન્સે કહ્યું હતું કે, "કોરોનાની મહામારીને કારણે ૧૦ વર્ષમાં રાજવી પરિવારની આવક બે કરોડપાઉન્ડ (૨.૫૪ કરોડ ડોલર) ઘટવાની શક્યતા છે. તેને લીધે ક્વીન એલિઝાબેથ-૨ દ્વારા ખર્ચમાં કાપ મૂકવાનો નિર્ણય લેવાયો છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર રોયલ પેલેસનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જૂનું થઈ રહ્યું છે. અગાઉ બીજા વિશ્વયુદ્ધ વખતે તેનું અપગ્રેડેશન કરવામાં આવ્યું હતું. સ્ટિવન્સે કહ્યું હતું કે, "રાજવી પરિવાર મહેલના સમારકામ માટે સરકાર પાસે વધુ રકમ નહીં માંગે. તે પોતાના પ્રયાસો અને ક્ષમતા દ્વારા આ કામ પૂરું કરશે." હિસાબો દર્શાવે છે કે, બ્રિટનના કરદાતાઓએ માર્ચમાં પૂરા થયેલા વર્ષમાં રાજવી પરિવાર પાછળ ૬.૯૪ કરોડ પાઉન્ડ (૮.૮૨ કરોડ ડોલર) ખર્ચ કર્યો છે, જે અગાઉના નાણાકીય વર્ષની તુલનામાં ૨૪ લાખ પાઉન્ડ (૩૧ લાખ ડોલર)ની વૃદ્ધિ દર્શાવે છે.

### ૧૦૮૯ના મોત સાથે દેશમાં મૃત્યુઆંક ૯૩૩૭૯ પર પહોંચ્યો

## દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા ૫૯ લાખને પાર, ૮૫ હજારથી વધુ નવા કેસ

*ન્યુ દિલ્હી,તા.૨૬*

ભારતમાં કોરોના સંક્રમણની સ્પીડ ઉપર બ્રેક લાગી રહી નથી. દેશમાં વિતેલા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૮૫૩૬૨ નવા કેસો સામે આવ્યાં છે. જ્યારે ૧૦૮૯ દર્દીના મોત નીપજી ચુક્યાં છે. તેની સાથે મૃત્યુઆંક ૭૩૩૭૯ પર પહોંચી ગયો છે. શનિવારે દેશમાં આ જીવલેણ વાયરસથી સંક્રમિતોનો આંક વધીને ૫૯,૦૩,૯૩૨ થઈ ગયો છે.

સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે કેસોમાંથી ૯,૬૦,૯૬૯ કેસ એક્ટિવ છે. ત્યારે ૪૮,૪૯,૫૮૪ દર્દીઓ સ્વસ્થ થતા હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. જ્યારે ૯૩,૩૭૯ સંક્રમિતોના મોત નીપજી ચુક્યાં છે. મૃત્યુદર ઘટીને ૧.૫૯ ટકા થઈ ગયો છે. જણાવી દઈએ કે કુલ ૧૩,૦૦,૭૫૭ કેસ અને ૩૪,૭૬૧ મોતની સાથે દેશમાં મહારાષ્ટ્ર કોરોના વાયરસથી સૌથી વધારે પ્રભાવિત રાજ્ય બન્યું છે. તે બાદ આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને કર્ણાટકનો નંબર આવે છે. નવા કેસોમાં લગભગ ૭૫ ટકા ૧૦ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી મળ્યાં છે.

ભારતીય ચિકિત્સા અનુસંધાન પરિષદના આંકડા જણાવી રહ્યાં છે કે, દેશમાં શુક્રવારે એક જ દિવસમાં ૧૪,૪૧,૫૩૫ સેમ્પલનું ટેસ્ટ કરવામાં આવ્યું હતું. દેશમાં અત્યાર સુધીમાં ૭,૦૨,૬૯,૯૭૫ સેમ્પલોની તપાસ થઈ ચુકી છે. કોરોના સંકટની ગંભીરતાથી તે સમજી શકાય છે કે, સંક્રમિતોના કેસોમાં ભારત માત્ર અમેરિકાથી પાછળ છે. અમેરિકામાં ૭૦,૩૨,૫૨૪ કેસ સામે આવ્યા છે. અને ૨,૦૩,૬૫૭ દર્દીઓના મોત નીપજી ચુક્યાં છે. શનિવારે સવાર સુધીમાં દુનિયામાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૩,૨૪,૭૧,૧૧૯ રહી છે. જ્યારે કોરોનાથી મરનારાઓની સંખ્યા વધીને ૯,૮૭,૫૯૩ થઈ ગઈ છે.

કોરોનાથી પીડિત ૯૩,૪૨૦ લોકો છેલ્લા ૨૪ કલાકમાં સ્વસ્થ થયા છે અને તેમણે કોરોના મુક્ત જાહેર કર્યા છે. આ સમયે દેશભરમાં કોરોનાથી રિકવરી રેટ ૮૨.૧૪ % છે. જ્યારે પોઝિટિવિટી રેટ ૬.૩૬ % છે.

કર્ણાટકમાં શુક્રવારે કોરોના વાઈરસના ૮૬૫૫ નવા કેસો નોંધાયા છે. જ્યારે વધુ ૮૬ કોરોના દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ રાજયમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૫,૫૭,૨૧૨ પર પહોંચી ચૂકી છે. જ્યારે મૃતકોની સંખ્યા ૮૪૧૭ થઈ ગઈ છે.

મહારાષ્ટ્રમાં Covid-19ના એક જ દિવસમાં ૧૭,૭૯૪ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે જ રાજ્યમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૧૩,૦૦,૭૫૭ પર પહોંચી ચૂકી છે. જ્યારે ૨૪ કલાકમાં વધુ ૪૧૬ દર્દીઓના મોત થવા સાથે જ કોરોનાના કારણે મૃતકોની સંખ્યા વધીને ૩૪,૭૬૧ પર પહોંચી ગઈ છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા:૧૪૪૭**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૩૧૮૦૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૩**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૪૧૯**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૧૨૦૦૯**

# બાળવાર્તા ૨૯
## કંજૂસ




માણસના સ્વભાવમાં બે જાતની આદતો હોય એક તો તે ક્યા ઉદાર હોય કે ક્યાં તો તે કંજૂસ હોય.દામુકાકા આમ તો બહુ જ પૈસા વાળા પણ કહેવત પ્રમાણે બરાબર એવા જ હતા કે ચમડી છૂટે પણ દમડી ન છૂટે.

રતનપુરમાં બધા લોકો દામુકાકાથી દૂર ભાગે.કંજૂસ તો એવા કે ઘરમાં શ્રીખંડ પણ લાવે તો એકલા જ ખાય સકે તેટલો ને રમાકાકી બિચારા વાટકી ચાટે.જૂતા પણ એટલા થીંગડા વાળા પહેરે કે લોકો તેને હસે.કપડાં જો રમાકાકી સરખા ન રાખતા હોત તો તે પણ જૂના જ પહેરતા હોત.

રમાકાકી દિલના ઉદાર ગામમાં આવતા જતા મદદ કરે ને તેમને ચા નાસ્તો કરાવે તો કોઈને છાનામાના જમાડે કે પૈસા આપે.બધાકાકીને માન આપે પણ કાકાથી દૂર જ ભાગે. એકવાર દામૂકાકાને તેમના રતનપુરથી સંગ્રામપુર ધંધા માટે જવાનું થયું . કાકીએ તેમને રસ્તા માટે ભાથું બાંધી દીધું. તો દામુકાકા કહે ,"મને આટલામાં શું થશે?"

રમાકાકીએ કહ્યું કે ," તમે જાઓ મે ભાથું તો આગળ મોકલ્યું છે."

દામુકાકાને તો નવાઈ લાગી સાથે તેમણે થોડા જ રૂપિયા રાખ્યા ને વિચાર્યું જો ભાથું મોકલ્યું તો પૈસા પણ મોકલ્યા જ હશેને..? તેઓ અડધે રસ્તે પહોંચ્યાને થોડો માલ દુકાન માટે ખરીદ્યો ને પૈસા ને ભાથું તો પૂરા થઈ ગયા. હવે વિચારે છે કે આગળ શું?

ત્યાં જ અચાનક રામલો દામુકાકાના ગાડાંને જોઈ ગયો,તે તો દોડ્યો ગામમાં ને કહેવા લાગ્યો રમાકાકીના ઘરવાળા પેલા કંજૂસ દામુકાકા ગામ બહારથી પસાર થઈ રહ્યા છે.બધા દોડ્યાને દામુકાકાને કહેવા લાગ્યા," મારે ત્યાં જમવા પધારો.." બધાના આમત્રંણ ને સ્વીકારી દામુકાકાએ તો બે ત્રણ દિવસનો મુકામ કર્યો.સંગ્રામપુર જતા જતા તો તેમને અઠવાડિયું થઈ ગયું.પણ લોકોની આગતા સ્વાગતાથી તેઓ ખૂબ જ ખુશ હતા.

સંગ્રામપુર પહોંચી ને તેમના બધા જ ધંધાના કામ પતાવ્યા પણ ક્યાંય તેમને પૈસાની પણ કમી ન રહી.બધા કહેતા રમાકાકીએ ખૂબ સાચવ્યા છે,પૈસેટકે મદદ કરી છે તમારું છે તમને પાછું આપીએ છીએ.

દામુકાકા પાછા ફરતાં વિચારી રહ્યા છે કે" રમાએ મારી ના છતા પોતાની રીતે લોકોને ખવડાવ્યું પીવડાવ્યું તે આજે મને દેખાયું.હવે હું સમજી શકું છું કે તે કેવી દયાળુ ને પરગજુ સ્રી છે.તેણે સાચું જ કહ્યું હતું કે તેણીએ તેના સારસનું ભાથું પહેલેથી જ પહોંચાડ્યું હતું.ઘરે પહોંચતા જ તેમણે પત્નીને બે હાથ જોડી માફી માંગી ને નક્કી કર્યુ કે તેમની કંજૂસની છાપ બદલીને જ રહેશે.

બાળકો હમેશાં પરગજુ બનો,તમારામાંથી જો કોઈને પા ભાગનું પણ આપશો તો તમારું સત્ કાર્ય તમને સદ્ ભાગ્ય બની સામે પાછું જરૂર મળશે.

જયશ્રી પટેલ

ભારત અને શ્રીલંકાનો સંબંધ હજારો વર્ષ જૂનો, મારી સરકાર પાડોસી પહેલાની નીતિ અને સાગર સિદ્ધાંત હેઠળ બંન્ને દેશોના સંબંધોને વિશેષ પ્રાથમિકતા આપે છેઃ મોદી

# ભારત-શ્રીલંકા વચ્ચેના સંબંધો વર્ષો જૂના, બન્ને દેશોના સંબંધોને વિશેષ પ્રાથમિકતા

*ન્યુ દિલ્હી,તા.૨૬*

શ્રીલંકાના પ્રધાનમંત્રી મહિન્દા રાજપક્ષે સાથે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની શનિવારે વર્ચ્યુઅલ બેઠક યોજાઇ હતી. સૌથી પહેલા પીએમ મોદીએ ભારત અને શ્રીલંકા વચ્ચે આ વર્ચ્યુઅલ દ્વિપક્ષીય શિખર સંમેલન માટે આમંત્રણના સ્વીકાર પર શ્રીલંકાના પીએમ મહિન્દા રાજપક્ષેનો આભાર માન્યો હતો. મોદીએ રાજપક્ષેને પ્રધાનમંત્રીના રૂપમાં ચૂંટાવા અને સંસદીય ચૂંટણીમાં તેમની પાર્ટીની જીત માટે પણ શુભેચ્છા આપી હતી.

ભારત-શ્રીલંકા વર્ચ્યુઅલ દ્વિપક્ષીય શિખર સંમેલનમાં પીએમ મોદીએ આગળ કહ્યુ કે, ભારત અને શ્રીલંકાનો સંબંધ હજારો વર્ષ જૂનો છે. મારી સરકાર પાડોસી પહેલાની નીતિ અને સાગર સિદ્ધાંત હેઠળ બંન્ને દેશોના સંબંધોને વિશેષ પ્રાથમિકતા આપે છે.

ત્યારબાદ લંકાના પીએમે સૌથી પહેલા ભારતની પ્રશંસા કરતા કહ્યું, 'COVID19 મહામારી દરમિયાન ભારતે અન્ય દેશોની સાથે મળીને જે રીતે કામ કહ્યું, તે માટે હું આભાર વ્યક્ત કરુ છું. તેમણે આગળ કહ્યુ કે, એમટી ન્યૂ ડાયમંડ જહાજ પર આગ ઠારવાના ઓપરેશનમાં બંન્ને દેશો વચ્ચે વધુ સહયોગની તક પ્રદાન કરી. હિન્દ મહાસાગરમાં ચીનની શક્તિ વધારનારી હરકતો વચ્ચે શ્રીલંકાએ સ્પષ્ટ કર્યું કે, તે આ સમુદ્રી ક્ષેત્રાને કોઈના શક્તિ પ્રદર્શનનો ગઢ બનાવવાના વિરોધમાં છે. સંયુક્ત રાષ્ટ્રમાં શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટબાયા




રાજપક્ષેએ પોતાના પ્રી-રેકોર્ડેડ ભાષણમાં કહ્યું, અમારી પ્રાથમિકતા હિંદ મહાસાગર ક્ષેત્રમાં શાંતિ બનાવી રાખવાની છે, જ્યાં કોઈ દેશ કોઈ અન્ય પર પોતાનું વર્ચસ્વ સાબિત ન કરી શકે. શ્રીલંકા હિન્દ મહાસાગર ક્ષેત્રમાં રણનીતિક મહત્વના સ્થાન પર સ્થિત છે. ભારતને ઘેરવા માટે ચીન શ્રીલંકાના આ મહત્વની ઉપયોગ કરવાના પ્રયાસમાં છે.

# કૃષિ પશુપાલન કે શૈક્ષણિક હેતુથી ખરીદાયેલી જમીન માટે કલેક્ટરની મંજૂરી નહી લેવી પડે



અમદાવાદ,તા.૨૬

મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદિની દિર્ધદ્રષ્ટી અને સમયબદ્ધ આયોજનના પરીણામે આજે ગુજરાત દેશનું રોલ મોડલ બની રહ્યું છે. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના નેતૃત્વવાળી રાજ્ય સરકારે વિવિધ મહેસૂલી સુધારાઓ કર્યા છે. જેના ખૂબ સારા પરીણામો પ્રાપ્ત થઈ રહ્યા છે. રાજ્યમાં ગણોત કાયદાઓમાં ક્રાંતિકારી મહેસૂલી સુધારાનો અભિગમ અપનાવી ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વધુ વેગવાન બનાવવાનો માર્ગ સરળ કર્યો છે. ગુજરાત રાજ્ય ઔદ્યોગિક રીતે ખૂબ જ વિકસિત રાજ્ય છે. તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે દેશના અગ્રણી રાજ્યો પૈકીનું એક રાજ્ય પણ છે. જેના કેન્દ્રમાં જમીન એક અગત્યનું પરીબળ છે. રાજ્યમાં કૃષિ, પશુપાલન, શિક્ષણ, આરોગ્ય ક્ષેત્રે વિકાસની વ્યાપક તકો ખૂલે તે માટે ઔદ્યોગિક મૂડી રોકાણો આકર્ષિત કરવા અંગે ધ્યાને રાખીને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક-૨૦૨૦ રજૂ કરવામાં આવ્યું હતું. મંત્રીએ આ સુધારા વિધેયક રજૂ કરતાં જણાવ્યું હતું કે, 'આ સુધારા વિધેયકથી ગણોતધારામાં નવી ઉમેરાયેલી કલમ-૬૩-કકકથી સમગ્ર રાજ્યમાં હવે કૃષિ યુનિવર્સિટી, પશુપાલન યુનિવર્સિટી, શિક્ષણ, તબીબી શિક્ષણ કે આરોગ્ય જેવાં હેતુસર ખેતીની જમીન ખરીદવા માટે જિલ્લા કલેકટરની પૂર્વ પરવાનગી નહીં લેવી પડે. આવી જમીનની ખરીદિ કર્યા બાદ એક મહિનામાં જિલ્લા કલેકટરને જાણ કરી બોનાફાઇડ ઇન્ડસ્ટ્રીયલ પર્પઝની જેમ જ જરૂરી પ્રમાણપત્રો મેળવીને નિયત સમયમાં પ્રોજેકટ કામગીરી શરૂ કરી શકાશે. ભૂતકાળમાં આવી જમીનની ખરીદિ માટે બિનખેડૂત સંસ્થાઓ કે વ્યક્તિઓએ જિલ્લા કલેક્ટર પાસે મંજૂરી મેળવવાનું આવશ્યક હોવાના પરિણામે લાંબા સમય સુધી ટાઇટલ ક્લિયરન્સ, ઇન્સ્પેક્શન વગેરેમાં જતો સમય અને પ્રોજેકટ શરૂ કરવામાં થતા વિલંબની સમસ્યાનો હવે આ નવી ક્રાંતિકારી વ્યવસ્થાથી અંત આવશે. મહેસૂલ મંત્રીએ ઉમેર્યુ હતુ કે, 'ગુજરાત મેડિકલ-એન્જિનિયરીંગ અને વ્યવસાયિક શૈક્ષણિક ક્ષેત્ર સાથે-સાથે સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ્સ સહિતનું હબ બન્યું છે. ત્યારે મુખ્યમંત્રીએ કૃષિ, પશુપાલન યુનિવર્સિટી તેમજ તબીબી-ઇજનેરી શિક્ષણ અને અન્ય શૈક્ષણિક હેતુઓ માટે સરળતાએ જમીન ઉપલબ્ધ થઇ શકે તેવા ઉદાત્ત ભાવથી રાજ્યમાં હોલિસ્ટીક ડેવલપમેન્ટની નવી દિશા ખોલી આપી છે.

### પાર્ટીને રકમ ચૂકવવા પહેલાં ચેક કરાશે
# ૨૦૨૧થી ચેક દ્વારા પેમેન્ટ સિસ્ટમ બદલાશેઃ ૫૦ હજારથી વધુ પેમેન્ટ માટે વિગતો આપવી પડશે

*ન્યુ દિલ્હી,તા.૨૬*

આવતા વર્ષ ૨૦૨૧ના પહેલા દિવસથી જ ચેક દ્વારા ચૂકવણી કરવાની સિસ્ટમમાં ફેરફાર આવી રહ્યા.હતા. અત્યારે કોઇ વ્યક્તિ જેને પૈસા ચૂકવવાના હોય તેને ચેક આપી દે છે. પહેલી જાન્યુઆરીથી ચેક દ્વારા ચૂકવણીની વ્યવસ્થામાં કેટલાક ફેરફાર આવી રહ્યા હતા. એ દરેક વ્યક્તિએ જાણવા જરૂરી ગણાય. એને પોઝિટિવ પે સિસ્ટમ નામ અપાયું હતું.

ખાસ કરીને પચાસ હજાર રૂપિયાથી વધુ રકમનું પેમેન્ટ કરવાનું હોય ત્યારે મહત્ત્વપૂર્ણ માહિતી આપવાની જરૂર પડશે. એ માટે ચેક આપનાર વ્યક્તિએ એસએમએસ, મોબાઇલ એપ, ઇન્ટરનેટ બેંકિંગ કે એટીએમ જેવા માધ્યમ દ્વારા ચેકને લગતી વધારાની માહિતી આપવાની રહેશે. જે પાર્ટીના નામે ચેક આપવામાં આવ્યો હોય એને રકમ ચૂકવવા પહેલાં બેંક જેને ચૂકવણી કરવાની હોય એનું નામ અને ચેકમાં લખેલી રકમ વિશે વધુ એક વાર પૂછપરછ કરીને પાકું કરશે કે ચેક રજૂ કરનાર વ્યક્તિ એ જ છે જેના નામે ચેક લખવામાં આવ્યો છે. આ રીતે સિક્યોરિટી વધારવાની વ્યવસ્થા કરવામાં આવી રહી હતી.

રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાએ કહ્યું હતું કે આ જોગવાઇ જો કે હાલ ફરજિયાત નહીં રહે. જે ખાતાધારકને આ સગવડ જોઇતી હોય એ બેંક પાસે આ સગવડ માગી શકશે. આમ છતાં પાંચ લાખ કે તેથી વધુ રકમના ચેક માટે આ સિસ્ટમ ફરજિયાત થશે. ખાસ કરીને મોટા વેપારીઓ અને ઉદ્યોગપતિઓની સિક્યોરિટી આ સગવડથી વધશે એવી આશા રખાઇ રહી હતી.

રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાએ બેંકોને કહ્યું હતું કે તમારા ગ્રાહકોને આ સુવિધા વિશે એસએમએસથી જાણ કરો. તમારી તમામ શાખાઓમાં વેબસાઇટ પર અને ઇન્ટરનેટ બેંકિંગની સુવિધામાં પણ આ વાતની જાણ ખાતેદારોને કરો. પહેલી જાન્યુઆરીથી આ જોગવાઇ પોઝિટિવ પે સિસ્ટમ અમલમાં આવશે.

### બૂલેટ ટ્રેનના અસરગ્રસ્ત તમામ ૨૮ ગામમાં વળતરની ઓફર ખેડૂતોએ નકારી

નવસારી,તા.૨૬

નવસારી જિલ્લાના બૂલેટ ટ્રેન અસરગ્રસ્ત તમામ ૨૮ ગામના અસરગ્રસ્તોએ સરકારની જંત્રી આધારિત ઓફર સ્વીકારવાની ના પાડી દેતા સરકાર માટે દુવિધાની સ્થિતિ પેદા થઈ છે. નવસારી જિલ્લાના કુલ ૨૮ ગામમાંથી બહુચર્ચિત બૂલેટ ટ્રેન પસાર થશે ત્યારે આ ગામોની જમીન સંપાદન કરવાની પ્રક્રિયા ત્રણેક વર્ષથી ચાલી રહી છે. જોકે જમીનના વળતર મુદ્દે સંપાદનની કામગીરી જિલ્લામાં ઘોચમાં પડી છે અને નવસારી જિલ્લાની જમીનમાં વળતર મુદ્દે સમાધાન ન થઈ હજુ એક પણ જમીન સંપાદન થઈ શક્યું નથી. હવે તાજેતરમાં સરકારે અસરગ્રસ્ત ગામોમાં અસરગ્રસ્ત તમામ ૨૮ ગામમાં વળતર મુદ્દે લેટર લખ્યો હતો,

જેમાં અસરગ્રસ્ત ખેડૂતો જો જંત્રી આધારિત સરકારની વળતર સ્વીકારે તો વધારાના ૨૫ ટકા રકમ મળશે તેવી ઓફર કરી હતી. એક પછી એક તમામ ગામોના અસરગ્રસ્ત ખેડૂતોએ સરકારની જંત્રી આધારિત વળતર સ્વીકારવાની ઓફર નકારી દીધી છે. આ બાબતની જાણ સંલગ્ન ગામોના તલાટીઓએ સરકારમાં કરી દીધાની જાણકારી મળી છે. અસરગ્રસ્ત તમામ ગામોના ખેડૂતોએ તેમના ગામોમાં સરકારી જંત્રીના ભાવ વાસ્તવિક બજારભાવની સરખામણીએ ખૂબ જ ઓછા હોઈ વળતર સ્વીકારવાની ના પાડી છે અને વાસ્તવિક બજારભાવને આધાર બનાવી વળતર ચૂકવવાની માગ કરી છે. હવે એક પણ ગામના ખેડૂતોએ સરકારી ઓફર સ્વીકારવાની ના પાડતા તંત્ર માટે દુવિધા સર્જાય એમ છે.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય વિભાગ આયોજન આયોજન એડમીન પેનલ

NG No. 37
વિભાગ ; પદ્ય
શીર્ષક ; કહે ! ગુલાબ.
કહે : ગુલાબ સ્વની કહાની.
સ્નેહનું સગપણ અમારું,
કંટક વચ્ચે જિંદગાની.
ગમતાને કરું ગુલાબી.
કોમળ છું, કઠણ નહિ,
જીવન ટૂંકું, સુગંધથી ભર્યું.
ગુમસુમ,લહેરાવું બારમાસ,
દર્દ સઘળાં ,હ્દર્યમાં સમાવું,
પ્રેમનું પ્રતિક,પૂજામાં પધરાવું,
ગુમાન કરું નહીં,તલભાર.
નાનાં મોટાં સૌ નું પ્રિય,
જે સ્પર્શે,એને અર્પણ.
જન્મથી સ્મશાન સુધી,
આપુ સૌને સંગાથ.
મૃત્યુ પછી પણ હું,
અત્તર બની અંતરમાં રહુ.
કર્મે હું ખુશ્બૂ ફેલાવું,
જીવન મારું એક મહેકતો સંદેશ.
હેમલતા દિવેચા.જૂનાગઢ.

ન્યુઝ ઓફ ગાંધીનગર
NG -0075
વિભાગ - પદ્ય
શીર્ષક - પુષ્પસમ્રાટ ગુલાબ
અજબ સંયોજન
છે તું, રંગ, ગંધ, કુમાશનું,
અદભુત પ્રતીક
ગુલાબ, પ્રેમ અભિવ્યક્તિનું!
ચાચું હું, પુષ્પ સમ
ઋજુ હ્રદય, કંટક વને !
કાંટા મધ્યે કેવાં ,જો
રક્તિમ્ મલકે, પ્રેમપુષ્પો !

નીરખી હૈયું થાય
સભર, નિજ પિયુ પધારે!
પામું સર્જનહાર
મુક્તિ ક્ષણ તે પ્રેમબંધને!
કૌમુદી સોની
૨૫/૦૯/૨૦૨૦
(સ્વરચિત અપ્રકાશીત)

વિષય - ગુલાબ....ગઝલ
છંદ - ગાલગાગા લગાલ ગાગાગા
NG 0078
પ્રકાર - પદ્ય
ફૂલોમાં તો નવાબ છે ગુલાબ;
તારો જબરો રુઆબ છે,ગુલાબ.
પ્રેમ પ્રસ્તાવ કેમ કરવો કહે?
એક સુંદર જવાબ છે, ગુલાબ.
થાય ચર્ચા જો રૂપ પર શું કહું?
એવું જાણે શબાબ છે ગુલાબ.
પ્રેમ, મૈત્રી દરેક માટે ભિન્ન;
ભાવ ધરવાની છાબ છે ગુલાબ.
અંધ પૂછે 'સુગંધ આવી મસ્ત?'
કહે કે પાસે ગુલાબ છે ગુલાબ.
રુપ બહુ તો જરૂરી છે કંટક;
તું કશે ક્યાં ખરાબ છે ગુલાબ?
જન્મ,મંદિર, મરણ બધામાં ખાસ;
કોઈ બીજો જવાબ છે ગુલાબ?
બાગ એના વગર છે "શ્વેતા" કોઈ?
બાગ માળીનું ખ્વાબ છે ગુલાબ
શ્વેતા તલાટી

NOGS(VIP)
NO 0015
ચિત્ર પરથી રચના
વિભાગઃ- એકાવનાક્ષરી કાવ્ય
શીર્ષકઃ- ગુલાબ

ખીલીને ખરવાનું
એ વાતને જાણે છે ગુલાબ,
ભીતરથી ખુલીને
દ્રષ્ટિ સૌની તાણે છે ગુલાબ,
ઘડીભર ડોલીને
ખરી મોજ માણે છે ગુલાબ.
મેહુલ ત્રિવેદી
ખેરાળી

ન્યૂઝ ઓફ ગાંધીનગર
NG 0048
વિભાગ - પદ્ય
શીર્ષક -ગુલાબ (મુક્તપંચિકા)
રંગબેરંગી
પુષ્પોનો રાજા,
ખીલે કંટક મધ્યે,
સહજીવન
કેરો સંદેશ.
પંખુડી કેરા
અર્કે ઉદ્દવે,
ગુલકંદ ઔષધિ,
ધખતા ગ્રીષ્મે
અર્પે ઠંડક.
પંખુડીઓની
ફોરમ ફોરે
ચોતરફ, છંટાય
શીતળકારી
ગુલાબજળ.
પ્રીત ને મૈત્રી
કેરૂં પ્રતિક,
રૂડું ગુલાબ પુષ્પ,
થાય અર્પણ
ઈશ ચરણે.
પ્રકૃતિ શાહ "પ્રીત"
અમદાવાદ

# માલદિવે પાકિસ્તાનની આશાઓ પર પાણી ફેરવ્યુઃ સાર્ક સમિટ પર રોક લગાવાઈ

*માલે/ન્યુ દિલ્હી,તા.૨૬*

માલદીવે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે તે ભારતનું ખૂબ જ નજીકનું મિત્ર છે. આ વર્ષની શરૂઆતમાં માલદીવે આઈઓસીમાં ભારતનો સાથ આપ્યો હતો. હવે માલદીવે સાર્ક દેશોની બેઠકમાં પાકિસ્તાનના ઈરાદાઓ પર પાણી ફેરવી દીધું છે. SAARC વિદેશ મંત્રીઓની બેઠકમાં પાકિસ્તાને ફરી એકવાર સાર્ક સમિટ શરૂ કરવાની વાત કરી હતી. આ અંગે માલદીવના હસ્તક્ષેપ બાદ ફરીથી તેના પર રોક લગાવી દેવામાં આવી છે. હકીકતમાં આ સમિટ ૨૦૧૬માં ઈસ્લામાબાદમાં થવાની હતી, પરંતુ ત્યારથી અત્યારસુધી તેના પર રોક લગાવવામાં આવી છે.

માલદીવના વિદેશ મંત્રી અબ્દુલ્લા શાહિદે કહ્યુ કે, આ સમય પાકિસ્તાન SAARC સમિટની યજમાની કરે તેવો નથી. શાહિદે કહ્યુ કે હાલ આખી દુનિયા કોરોના સામે જંગ લડી રહી છે. આ સમયે આવી સમિટ વિશે ચર્ચા કરવી યોગ્ય નથી. માલદીવે સાર્ક સમિટ પર સવાલ ઉઠાવ્યા બાદ પાકિસ્તાનની યજમાનીના પ્રસ્તાવ પર સહમતિ બની ન હતી. આથી ફરી એક વખતે પાકિસ્તાનનો પ્રયાસ નિષ્ફળ ગયો હતો.

મે મહિનામાં સંયુક્ત રાષ્ટ્રમાં ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કો-ઓપરેશન (OIC)ની વર્ચ્યુઅલ મીટિંગ યોજાઈ હતી. આ બેઠકમાં પાકિસ્તાને આરોપ લગાવ્યો હતુ કે ભારતમાં ઈસ્લામ ફોબિયા ફેલાવવામાં આવી રહ્યો છે. જે બાદમાં પાકિસ્તાનના આરોપોનો માલદીવે જડબાતોડ જવાબ આપ્યો હતો. માલદીવે કહ્યું હતું કે, સોશિયલ મીડિયા પર કેટલાક લોકોની હરકતોને ૧૩૦ કરોડ ભારતીયોના મત ન સમજી શકાય.

### એનસીબી દ્વારા સારા અલી ખાન, શ્રદ્ધા કપૂર અને દીપિકાની કરાઈ પૂછપરછ
# કરણ જોહરના પૂર્વ કર્મચારી ક્ષિતિજ પ્રસાદની ડ્રગ્સ કેસમાં ધરપકડ

મુંબઈ,તા.૨૬

ડ્રગ્સ કેસમાં એનસીબીના રડાર પર રહેલી દીપિકા પાદુકોણ, સારા અલી ખાન તથા શ્રદ્ધા કપૂરની આજે, ૨૬ સપ્ટેમ્બરના રોજ પૂછપરછ કરવામાં આવશે. ડ્રગ્સ કેસમાં સામે આવેલાં નામમાં દીપિકા પાદુકોણ સૌથી મોટી સેલિબ્રિટી છે. તે બોલિવૂડમાં એ-લિસ્ટેડ એક્ટ્રેસિસમાં સામેલ છે. દીપિકા પાદુકોણની એનસીબીના ગેસ્ટ હાઉસમાં સાડા પાંચ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. શ્રદ્ધા કપૂર એનસીબીની ઓફિસ પહોંચી ગઈ હતી. સારા અલી ખાન પણ દ્રઝમ્ની ઓફિસમાં છે. દીપિકાએ ડ્રગ્સ ચેટની વાત સ્વીકારી લીધી છે. પૂછપરછમાં શ્રદ્ધાએ ડ્રગ્સની વાત કબૂલી હતી, પરંતુ તેણે ડ્રગ્સ લેવાની વાતનો ઈનકાર કર્યો હતો. શ્રદ્ધાએ કહ્યું હતું કે સુશાંત ડ્રગ્સ લેતો હતો. તેણે વેનિટી વેનમાં સુશાંતને ડ્રગ્સ લેતા જોયો હતો. 'છિછોરે'ની પાર્ટીમાં ડ્રગ્સનો ઉપયોગ થયો હતો પરંતુ તેણે ડ્રગ્સ લીધું નહોતું.

સૂત્રોના હવાલેથી દાવો કરવામાં આવ્યો છે કે સારાએ એનસીબીની પૂછપરછમાં કહ્યું હતું કે 'કેદારનાથ'ના શૂટિંગ દરમિયાન બંને વચ્ચેના સંબંધોની શરૂઆત થઈ હતી. ફિલ્મના શૂટિંગ બાદ તે સુશાંતના કેપ્રી હાઉસના ઘરમાં રહેવા જતી રહી હતી. બંને પાંચ દિવસ માટે થાઈલેન્ડના કોહ સમુઈ આયલેન્ડમાં ગયા હતા અને અહીંયા પાર્ટી કરી હતી. સારાએ કહ્યું હતું કે સુશાંત શૂટિંગ દરમિયાન ડ્રગ્સ લેતો હતો.

એનસીબીના ડેપ્યુટી ડિરેક્ટર કેપીએસ મલ્હોત્રા તથા તેમની ટીમ દીપિકાની પૂછપરછ કરી હતી. સૌ પહેલાં દીપિકાને ડ્રગ્સ અંગે સવાલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ દીપિકાની મેનેજર કરિશ્માને સામસામે બેસાડીને પૂછપરછ કરાઈ રહી છે. એનસીબી દીપિકાના કેટલાંક સવાલોના જવાબથી સંતુષ્ટ નથી. દીપિકાની એનસીબીની પાંચ અધિકારીઓની ટીમે સાડા પાંચ કલાક પૂછપરછ કરી હતી. આ પાંચ અધિકારીમાં એક મહિલા અધિકારી પણ સામેલ હતાં. એનસીબીના અધિકારીઓએ દીપિકાનો ફોન એક બાજુ મુકાવી દીધો હતો. કરણ જોહરના પૂર્વ કર્મચારી ક્ષિતિજ પ્રસાદની ડ્રગ્સ કેસમાં ધરપકડ કરી હતી. ક્ષિતિજ પ્રસાદના ઘરે એનસીબીએ દરોડા પાડીને થોડી માત્રામાં ગાંજો જપ્ત કર્યો હતો. એનસીબીએ ક્ષિતિજ પ્રસાદની ૨૪ કલાકથી વધુ સમય પૂછપરછ કરી હતી.

# સિધ્ધપુરના ઐતિહાસિક ઈમારતોમાં કાષ્ઠ કળાની કોતરણી બેનમૂન



સિધ્ધપુર એ ઐતિહાસિક વારસા ધરાવતું નગર છે અને સુપ્રસિદ્ધ માતૃગયા તિર્થ તરીકે ભારત સહિત વિદેશ માં પ્રખ્યાત છે. આ નગરમાં અનેક આકર્ષણોમાં જૂની ઐતિહાસિક ઈમારતો અને આગવી સુઝબુઝના અને ક્લાપ્રેમના તથા કલાત્મક નગરના દર્શન જોવા મળે છે.

આ નગરનું નિર્માણ કલાના કુશળ નિમાર્ણ દેવતા વિશ્વકર્મા દ્વારા થયું હતું. સિધ્ધપુરમાં આવેલી ઐતિહાસિક ઈમારતોમાં કાષ્ઠ કોતરણીના અનેક અંશો જોવા મળે છે. દાઉદી વ્હોરના કોમની બહુમાળી ઈમારતોમાં કાષ્ઠકલા કોતરણી આજે પણ સર્જકની આગવી સુઝબુઝનો ચિતાત્મક ભાવ રજૂ કરે છે. એમાંય શહેરની મધ્યમાં આવેલ અઢારિયા મહોલ્લામાં ઈ.સ.૧૯૦૩ માં બંધાયેલ દાઉદી વ્હોરા સમાજના મકાનો નકશીકામ અને કોતરણીના કલાત્મક બે નમૂના જોવા મળે છે. જેના આધારે અનુમાન લગાવી શકાય છે કે હસ્તકલાના કારીગરો માત્ર કાષ્ઠ કોતરણીમાં જ નહીં પણ શિલ્પ સ્થાપત્યમાં પણ નિપુણતા ધરાવતા હતા. આજે પણ આટલા વર્ષો પછી આ કલાત્મક ઈમારતોની વિશેષતા એ છે કે , આ ઈમારતો ના રંગ , આકાર , નકશીકામ અંકબધ જોવા મળે છે. જે આ ઈમારતનું નિર્માણ માત્ર કલાત્મક પથ્થરો અને કાષ્ઠ કોતરણીની સજાવટથી થયેલું જોવા મળે છે. આવા બેનમૂન કલાત્મક કારીગરી બનવા પાછળ હસ્તકલાના અને શિલ્પકલાના કારીગરોને પ્રોત્સાહન આપવામાં આવતું હોવાનું માની શકાય છે. જયારે હાલમાં નિર્માણ પામતા મકાનો કે ઈમારતોમાં સિમેન્ટ , માટી કે કોંક્રિટનો ઉપયોગ થાય છે. આજે હસ્તકલાના કુશળ કારીગરો ગણ્યા ગાંઠ્યા જોવા મળે છે. આજના મશીનરી યુગમાં આવા શિલ્પ અને સ્થાપત્ય અને હસ્તકલાના કારીગરો બેકાર બની ગયા છે.

ઘણા વર્ષો બાદ પણ રંગ , આકાર , નકશીકામ વગેરે અંક બંધ જોવા મળે છે : સર્જકની સૂઝબુઝનું આજે પણ આકર્ષણ નજરે પડે છે

અહેવાલ - ધ્રૂવ દવે

### કેશોદમાં આપેલી શાકમાર્કેટ જીણોધ્ધાર ની રાહમાં પડું પડું છે

# કેશોદ નગરપાલિકા દ્વારા હકારાત્મક અભિગમ અપનાવશે તો ટ્રાફિક સમસ્યા ઉકેલી શકાય



કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

કેશોદ શહેરમાં નગર પંચાયતના સમયમાં જુના ગામતળ વિસ્તારમાં શાકમાર્કેટ બનાવી વેપારીઓ ને હરરાજી થી થડાઓ ભાડેથી આપવામાં આવ્યાં હતાં. કેશોદ શહેરમાં બનેલી શાકમાર્કેટ નાં કારણે આસપાસના વિસ્તારમાં આવશ્યક ચીજવસ્તુ મળવાં લાગતાં એક સુવર્ણયુગ સર્જાયો હતો અને શાકમાર્કેટમાં શાકભાજી લેવાં જનારો વ્યક્તિ ગર્વથી ફુલાતો સમાતો નહીં. પાંત્રીસેક વર્ષ વીતી ગયાં છતાં સ્થાનિક નગરપાલિકા દ્વારા શાકમાર્કેટ માં ભાડાં ઉઘરાવવા સીવાય એક પણ કામ કર્યું નહીં પરિણામસ્વરૂપે શાકમાર્કેટ ખાલી થવા લાગી અને બહાર જાહેર માર્ગો પર હપ્તા પધ્ધતિથી પથારા પાથરીને શાકભાજી નાં ધંધા રોજગાર શરૂ થઈ જતાં હવે હક્ક જતાવવા લાગ્યાં છે જે આવનારાં દિવસોમાં મોટું સ્વરૂપ ધારણ કરે તો નવાઈ નહીં. કેશોદ નગરપાલિકા સંચાલિત શાકમાર્કેટ બંધ જેવી સ્થિતિ માં મુકાઈ જતાં બપોર પછી ચરસીઓ, ગંજેરીયાઓ અને દારૂડિયા જુગારીઓનો અડ્ડો બની ગયો છે. આસપાસના વિસ્તારોમાં ત્રાસ ફેલાતાં પાણીનાં ભાવે મિલ્કતો વેંચી રહ્યાં છે અને સરકારી તંત્ર ચવકની મિલ્કતો માં વારસાઈ સીવાય અન્ય ત્રાહિત વ્યક્તિનાં નામની નોંધ ન થાય છતાં નિયમો નેવે મૂકીને નોંધણી કરી આપે છે. કેશોદ નગરપાલિકા દ્વારા શહેરીજનો ને આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે હકારાત્મક અભિગમ અપનાવીને જુનું બાંધકામ દૂર કરી પાર્કિંગ વ્યવસ્થા સાથે આધુનિક શાકમાર્કેટ બનાવી જાહેર માર્ગો પર બેસતાં પથારાવાળા નો સમાવેશ કરવાની તૈયારી સાથે હકારાત્મક અભિગમ અપનાવે તો ફરીથી શાકમાર્કેટ ધમધમતી બની શકે તેમ છે. હાલમાં જે વેપારીઓ નાં નામે થડા ફાળવવામાં આવેલ છે તેઓની પાસેથી લેહેણી રકમ વસુલ કરવામાં આવે અને ભરવામાં અસહમતી દર્શાવે તો કાયદેસરની કાર્યવાહી કરી ખાલશા કરવામાં આવે તો નવાં નોંધાયેલા શેરી ફેરિયાઓ ને આત્મનિર્ભર બનાવવા જગ્યા ફાળવી શકાય એવું છે. કેશોદ નગરપાલિકા સંચાલિત શાકમાર્કેટ બંધાણીઓ નો અડ્ડો બની ગયો છે ત્યારે કોઈ અઘટિત ગુનાહિત કૃત્ય થાય એ પહેલાં નિર્ણય લેવામાં આવે તો સારું... કેશોદ સરકારી હોસ્પિટલ નું બિલ્ડિંગ આધુનિક બની રહ્યું છે ત્યારે આસપાસમાં ટ્રાફિક ને અડચણરૂપ બનતાં પથારાવાળા નો વૈકલ્પિક વ્યવસ્થા કરી સમાવેશ પણ થઈ જાય અને વિવાદો સર્જાતાં અટકી શકે તેમ છે.

# કોરોના વચ્ચે ૧ ઓક્ટોબરથી કાંકરિયા તળાવ ખોલવાનો એએમસી કર્યો નિર્ણય

અમદાવાદ,તા.૨૬

અમદાવાદીઓ આજે ખુશખબર મળી રહ્યા છે. લોકડાઉનમાં બંધ શહેરના તમામ બાગ બગીચા સરકારે ખોલવાનો આદેશ આપી દીધો છે. અમદાવાદનું કાંકરિયાને લઈને પણ આજે એક મહત્વપૂર્ણ સમાચાક સામે આવી રહ્યા છે. આગામી ૧ ઓક્ટોબરથી અમદાવાદનું કાંકરિયા તળાવ ખોલવાનો નિર્ણય એએમસી દ્વારા લેવામાં આવ્યો છે. કાંકરિયાના ૭ પૈકી ૨ ગેટ ખોલવામાં આવશે. કોરોના ગાઈડલાઈન પ્રમાણે તમામ ગેટ ખોલવાનો નિર્ણય કરાયો નથી, પરંતુ ૨ ગેટ ખોલીને મર્યાદિત સંખ્યામાં મુલાકાતીઓને પ્રવેશ આપવાનો નિર્ણય કરાયો છે. સોશિયલ ડિસ્ટન્સ જાળવવા માટે સર્કલ દોરાશે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, કોરોના મહામારીના કારણે શહેરનું કાંકરિયા બંધ કરવામાં આવ્યું હતું.

હવે આગામી ૧ ઓક્ટોબરથી કાંકરિયા ઝુ ખોલવાની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. એએમસી દ્વારા અમદાવાદના કાંકરિયાના ૭ ગેટ માંથી ૨ ગેટ ખોલવામાં આવશે. મુલાક્તિઓ વચ્ચે અંતર રહે તે માટે ટિકિક બારી પર સર્કલ દોરવામાં આવશે, અને મુલાકાતીઓએ સર્કલમાં રહીને ટિકીટ લઈને કાંકરિયાની મઝા માણવાની રહેશે. જો મુલાક્તિઓની સંખ્યા વધશે તો નિયંતિત સંખ્યામાં પ્રવેશ આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અંદાજે ૨.૫ કિલોમીટરની આસપાસનો ઐતિહાસિક કાંકરિયા તળાવ અમદાવાદની લગભગ ૫૦૦ વર્ષથી ઓળખની ઓળખ છે.

નાગિનાવાડી નામની એક ટાપુની બગીચોની આસપાસ ઐતિહાસિક તળાવ અમદાવાદના લોકો માટે સદાબહાર સફર સ્થળ છે. નજીકના ઝૂ, બાલવાટિકા, એક્વેરિયમ અને આસપાસનાં પર્વતીય બગીચાઓ સાથે, તે એક સંપૂર્ણ મનોરંજન કેન્દ્ર ઓફર કરે છે. આ ઉપરાંત ૧૨.૫ લાખ મુલાકાતીઓ અને બાળકોએ 'અટલ એક્સપ્રેસ' ના મિની ટ્રેનનો આનંદ લીધો હતો. તહેવારો, નાના મેળાવડા, શૈક્ષણિક પ્રવાસો, જોગિંગ, અનૌપચારિક મીટિંગ્સ, પીકનીક્સ વગેરે અર્થપૂર્ણ રીતે યુવાન પેઢીને આકર્ષવા માટે કાંકરિયાનો નવો ચહેરો બની ગયો છે.

# દુદાસણ ગામમાં શ્વાનના ટોળાએ બાળ રોઝ ઉપર કર્યો હુમલો બાળરોઝનો આબાદ બચાવ



કાંકરેજ

રામ રાખે તેણે કોણ ચાખે કહેવત ને સાર્થક કરતી ઘટના આજરોજ કાંકરેજ તાલુકાના દુદાસણ ગામે બની જ્યાં શિકારી શ્વાનો ના ટોળા માંથી નાનકડા રોઝ ના બચ્ચાં નો આબાદ બચાવ થવા પામ્યો.

બનાસ નદીના કાંઠે આવેલ દુદાસણ ગામ ના નદી પટમાં રખડતા શિકારી શ્વાનો નું ટોળું અવારનવાર ચરતા પશુઓને ઘાયલ કરી મારી ભક્ષ કરતાં હોય છે ત્યારે આજ સવારે એક રોઝ નું બચ્ચું આ ટોળા ના નજરે ચડતા પીછો કર્યો હતો .બચ્ચાએ પોતાનો જીવ બચાવવા ખેતરમાં ઘૂસી ગયું હતું. ત્યાં સ્થાનિક ખેડૂત કાળુભાઇ જોશી, વિરાજી ઠાકોર ,હિતેશ જોષી, મીડિયા રિપોર્ટર ભરત જોષી, ભરત ઠાકોર દ્વારા માંડ માંડ બચ્ચાં નો બચાવ કરવામાં આવ્યો .આ બચાવ કાર્યમાં કાળુભાઇ જોષી ને હાથમાં ઈજાઓ પણ થઈ હતી.ત્યારબાદ રોઝના બચ્ચાંને વૈદ્યકીય સારવાર આપવામાં આવી. આ સેવા કાર્ય માં બ્રહ્મસમાજ ના અગ્રણી મહેન્દ્ર ભાઈ જોષી, સુરેશભાઈ જોષી નો પણ ખુબજ સરસ સહકાર મળ્યો.તેમજ જીવદયા પ્રેમી અને ગૌ ભક્ત ભારતસિંહ ઢાભી ની પણ મદત થઈ હતી.

# સ્વચ્છતા સર્વેક્ષણમાં ૧૬મો ક્રમ પ્રાપ્ત કરનારી પાલનપુર નગરપાલિકા ખુદ ગંદકીમાં ગરકાવ જોવા મળી રહી છે

**દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છતા અભિયાનની ખુદ ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા જ હાંસી ઉડાવી રહી છે.**



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ગુજરાતની ૩૦ નગરપાલિકાઓ ના સ્વચ્છતા સર્વેક્ષણમાં પાલનપુર નગરપાલિકાનો ૧૬મો નંબર આવ્યો છે. ત્યારે પાલનપુર નગરપાલિકાના રાજમાં કચરાનો કેવો નિકાલ કરાય છે. તેની ન્યૂઝ ઓફ ગાંધીનગર ના રિયાલિટી ચેક માં સામે આવી ગંભીર સચ્ચાઈ. પાલનપુર નગરપાલિકાની ડમ્પિંગ સાઈડ ગંદકીથી ખદબદી રહી છે. અહીં રોડ પર જ ખુદ પાલિકા ગંદકી ફેલાવી રહી છે. અહીં ઠલવાતી ગંદકીને લઈને રોડ પરથી ચાલવું પણ દુષ્કર બન્યું છે. લોકો મોઢે રૂમાલ બાંધીને પસાર થતા જોવા મળી રહ્યા છે. માથું ફાટી જાય તેવી દુર્ગંધ વચ્ચે લોકોના જાહેર આરોગ્ય સાથે ચેડાં કરતી પાલનપુર નગરપાલિકા સામે લોકો ફિટકારની લાગણી વરસાવી રહ્યા છે-રવિ સોની સ્થાનિક ડમ્પિંગ સાઈડ પર આવેલો રોડ ૨૭ ગામો ને જોડતો રોડ છે જે રોડ પર કચરા સાથે મૃત પશુ પક્ષીઓના અંગ ઉપાંગ પણ ખુલ્લેઆમ જોવા મળી રહ્યા છે. મૃત પશુઓ ખુલ્લેઆમ નાખવામાં આવી રહ્યા છે. ત્યારે અહીંથી પસાર થવું એટલે રોગચાળાને ખુલ્લું આમંત્રણ આપવા બરાબર છે.સ્થાનિક લોકો નું કહેવું છે કે કોરોના પહેલા અમારું ગંદકીના કારણે મોત થશે તેવું લાગી રહ્યું છે-સ્થાનિક રહીશો.કોરોનાના કપરા કાળમાં સ્વચ્છતા પર ભાર મુકાઈ રહ્યો છે ત્યારે પાલનપુર નગરપાલિકા ખુદ જ સ્વચ્છતાના ધજીયા ઉડાવતાં લોકોને રોગચાળાના મુખમાં ધકેલી રહી છે જેના માટે જવાબદારી છે એવા નગરપાલિકા ચીફ ઓફિસર તેમજ નગરપાલિકા તંત્ર સમગ્ર શહેરની ગંદકીને જીયુડીસી ના માથે ધકેલી રહ્યા છે જોકે શહેર પારાવાર ગંદકીથી ત્રસ્ત થઈ ઉઠ્યું છે ત્યારે હજુ ૧૫ દિવસ બાદ કાર્યવાહી થશે એવું ચીફ ઓફિસર જણાવી રહ્યા છે -સતીશ પટેલ..ચીફ ઓફિસર

# ગુજરાતના કર્મકાંડી અને મંદિરના પૂજારીઓને રાહત પેકેજ જાહેર કરવા ખુલ્લો પત્ર

સતિષ પટેલ વલસાડ

બી.એન.જોશી સમગ્ર ગુજરાત બ્રહ્મ સમાજ વલસાડ એકમ દ્વારા એક ખૂલ્લો પત્ર લખવામાં આવેલ છે. કોરોના મહામારી કોવિડ ૧૯ ની વિકટ પરિસ્થિતિમાં સમાજના બધા વર્ગો ને રાહત મળી છે ગુજરાતમાં ૩૦ હજાર ભૂદેવો તથા મંદિરોના પૂજારીઓ રાહત ક્યારે એક અઠવાડિયા પહેલા એક જાહેરાત કરવામાં આવી હતી ૩૦હજાર કર્મકાંડી તથા પૂજારીઓ ને રાહત પેકેજ થનાર છે. એ વાત સાચી છે અમારી નમ્ર વિનંતિ છે કે કર્મકાંડી કે પૂજારીઓ ને ગુજરાત સરકાર સહાય પેકેજ આપવામાં ઢીલાશ રાખે છે આપની સરકારે સમાજનાં બધા વર્ગોને મદદ કરી છે. ભૂદેવો ને અંન્યાય કરી રહ્યા છો આ પત્રથી આપને નિવેદન છે કે તાત્કાલિક રાહત પેકેજ ભૂદેવોને મળે અને કેટલા ટાઈમમાં આપશ્રી માહિતી ભેગી કરીને આવવા માંગો છો તે પરિપત્ર કરી જાહેરાત કરો એવી અપેક્ષા છે. સમગ્ર ગુજરાતના ભૂદેવો ભાજપ સાથે રહેલ છે એ સંજોગોમાં ભૂદેવો તકલીફો હોય ત્યારે સરકાર ની ફરજ બને છે વિકટ પરિસ્થિતિમાં સહાય મળે

હાલમાં તર્ક વિતર્ક ચાલે છે. તે દૂર કરી સરકાર ભૂદેવો ને સહાય આપવા માંગે છે અને કેટલાંક સમયમાં સહાય આપશો જાહેર કરવામાં આવે વિનંતિ સમગ્ર ગુજરાત માંથી માંગણી થઈ છે તેના પર ધ્યાન આપવું ઘટતું કરવા વિનંતી છે.જે બાબતે સમગ્ર ગુજરાતમાં રજૂઆતો થઈ છે.સરકાર રાહત પેકેજ આપવા માંગે છે ? માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ને લેખિત માં નકલ બી.એન.જોશી દ્વારા મોકલી આપવામાં આવી છે

# ગુજરાત વિધાનસભાની ૫ દિવસમાં સત્ર સમાપ્તિઃ અનિશ્ચિતકાળ સુધી કાર્યવાહી સ્થગિત

ગાંધીનગર,તા.૨૬

ગુજરાત વિધાનસભાના પાંચ દિવસ બાદ ચોમાસા સત્રની પૂર્ણાહુતિ થઈ ચૂકી છે. હવે ગુજરાત વિધાનસભાની કાર્યવાહી અનિશ્ચિતકાળ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. તમને જણાવીએ કે ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્રનું કામકાજ પાંચ દિવસ ચાલ્યું હતું. વિધાનસભા ચોમાસા સત્રની પૂર્ણાહુતિ કરી દેવામાં આવી છે. પાંચ દિવસ ચાલેલા ચોમાસુ સત્રમાં કુલ છ બેઠકો મળી છે, જેમાં ૪૩ કલાક ૩૫ મિનિટ કામગીરી ચાલી છે.

નવ દિવંગત સભ્યોને શોકાંજલિ અપાઈ છે, જ્યારે ૭૫ સભ્યોએ સત્ર દરમિયાન ચર્ચામાં ભાગ લીધો છે. સત્ર દરમિયાન ૨૦ વિધેયક ગૃહમાં પસાર કરાયા છે, એક સરકારી સંકલ્પ પણ પસાર થયો છે. સત્ર દરમિયાન નિયમ ૪૪ અંતર્ગત ખેડૂતો માટે ૩૭૦૦ કરોડના પેકેજની પણ મુખ્યમંત્રીએ જાહેરાત કરાઈ છે. કેગના અહેવાલની સાથે ૩૫ બોર્ડ કોર્પોરેશનના વાર્ષિક અહેવાલ પણ રજુ થયા છે. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૪૩ કલાક ૩૫ મિનિટ કામ કર્યું હતું . સત્ર દરમિયાન કુલ ૭૫ સભ્યોઓએ ચર્ચામાં ભાગ લીધો હતો . સત્ર દરમ્યાન કુલ ૯ સ્વર્ગસ્થ મહાનુભાવોના અવસાન અંગે સભાગૃહમાં શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતાં. સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નોની કુલ -૪૦ સૂચનાઓ મળી હતી તેમાંથી ૦૯ સૂચનાઓ દાખલ કરી હતી અને ગૃહમાં મૌખિક ચર્ચા થઈ હતી.

# કેશોદમાં સોશ્યલ મીડિયા નો સામાજિક સેવાકીય પ્રવૃતિઓ માં ઉપયોગ કરતાં યુવાનો




કેશોદ:(રાજુભાઈ પંડ્યા)


આધુનિકતા ની સાથે સાથે વિજાણું ઉપકરણો માં પણ આધુનિક શોધ સાથે ડિઝીટાઈઝેશન બની ગયું છે. સમય વિતાવવાનું ઉપકરણ એન્ડ્રોઈડ મોબાઈલ બની ગયેલ છે ત્યારે કેશોદ શહેરમાં યુવાનોની ટીમ દ્વારા એન્ડ્રોઈડ એપ્સ નો ઉપયોગ જનસુવિધા માટે કરવાનાં નિશ્ર્ચય સાથે શરૂઆત કરી સફળતા મેળવી છે. ગત માર્ચ માસમાં કોરોના મહામારી ફેલાવાની શરૂઆત થઈ ત્યારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ લોકડાઉન સમયે લોકો ઘરમાં હતાં એવાં સમયે કેશોદ શહેરમાં સરકાર દ્વારા કરવામાં આવતી જાહેરાતોની માહિતી સોશ્યલ મીડિયા દ્વારા મળી રહે એ માટે વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પેજ નો ઉપયોગ કરવાનો વિચાર કેશોદના યુવાન અને ગોપ્રેમી કીશનભાઈ બોરડ,પિન્ટુભાઈ ગજેરા,મૌલીકભાઈ વણપરીયા દ્વારા ફન ફોર કેશોદ ગૃપ બનાવી સરકારી લોકહિત ની જાહેરાત લોકો સુધી પહોંચાડવા પ્રયત્નો કર્યા છે. કેશોદ શહેરમાં ફન ફોર કેશોદ સોશ્યલ મીડિયા દ્વારા જરૂરતમંદ દર્દીઓ માટે બ્લડ મેળવવા રક્તદાતાઓ સુધી સંદેશો પહોંચાડી દર્દીઓ ને તાત્કાલિક રક્ત ની વ્યવસ્થા કરવામાં મદદરૂપ થયેલ છે. આજનાં દોડધામ વાળાં જીવન માં ગમે એટલી કાળજી રાખવા છતાં કોઈ ને કોઈ કારણોસર વ્યક્તિ પોતાના અગત્યનાં કાગળો-દસ્તાવેજી પુરાવાઓ સાથે થેલી ભુલી જવી ખોવાઈ જવી આવી ઘટનાઓ રોજીંદા જીવનમાં બનતી હોય છે ત્યારે ફન ફોર કેશોદ સોશ્યલ મીડિયા ગૃપ દ્વારા પોસ્ટ મુકીને મદદરૂપ બનવા પ્રયત્ન કરેલ છે જેમાં સફળતા મેળવી છે. ખોવાઈ ગયેલી વસ્તુઓની કે લોહીની જરૂરીયાત ની પોસ્ટ મુકતાં ની સાથે ગણતરીના સમયમાં પરિણામ મેળવી શકાયું છે. ફન ફોર કેશોદ સોશ્યલ મીડિયા ગૃપ ટુંકા સમયમાં એટલું લોકચાહના મેળવી ચુક્યું છે કે ફેસબુક પેજ પર દશ હજાર ફોલોઅર્સ, ઈન્સ્ટાગ્રામ પર ચાર હજાર થી વધારે ફોલોઅર્સ અને વોટ્સએપ પર ચાર હજાર થી વધારે ફોલોઅર્સ જોડાયા છે અને વધું ને વધુ લોકો જોડાઈ રહ્યાં છે. કેશોદ શહેરમાં બનતી રોજબરોજના બનતાં બનાવોની સચોટપણે માહિતી આપી માહિતીસભર બનાવવામાં આવી રહેલ છે. કેશોદ શહેરમાં કોરોના મહામારી વચ્ચે નિયમિત આંકડાકીય માહિતી પહોંચાડી કેશોદ વાસીઓ ને માહિતગાર કરવામાં આવે છે. કેશોદ શહેરમાં ફન ફોર કેશોદ સોશ્યલ મીડિયા ગૃપ સામાજિક, શૈક્ષણિક, સેવાકીય, ધાર્મિક પ્રવૃતિઓ ની સાથે સાથે કેન્દ્ર સરકાર-રાજય સરકાર ની માહિતી પહોંચતી કરી જબ્બર લોકચાહના મેળવી સુંદર પ્રતિસાદ મેળવી રહ્યાં છે. સોરઠનાં દરેક વિસ્તારોમાં એન્ડ્રોઈડ એપ્સ નો ઉપયોગ જનસુવિધા માટે કરવા કેશોદ નાં ફન ફોર કેશોદ ગૃપનાં યુવાનો કીશનભાઈ બોરડ,પિન્ટુભાઈ ગજેરા,મૌલીકભાઈ વણપરીયા પ્રેરણા આપનાર બન્યાં છે.



આજે સાંસદ શ્રી દીપસિંહ રાઠોડ સાહેબ ને નમસ્કાર મંડળીમાં ગેરરીતિ આચરનાર સામે કાર્યવાહી કરવા અને થાપણ, બચત ના નાણાં પરત અપાવવા સભાસદોએ આવેદન આપેલ.તેઓએ ગુજરાત DIG શ્રી અને કાયદા મંત્રી સાથે મળી ન્યાય અપાવવા માટેની બાહેધરી આપેલ...

## શ્રીનાથ ટ્રાવેલ એજન્સી પ્રાઈવેટ લિમિટેડ ને બેસ્ટ ટ્રાવેલ ફ્લીટ ઓપરેટર તરીકે વિજેતા ઘોષિત કરવામાંઆવી

ગુજરાત ટુરિઝમ ના ટ્રાવેલ ટુરિઝમ એક્સલન્સ એવોર્ડ ૨૦૨૦ અંતર્ગત અમદાવાદ સ્થિત શ્રીનાથ ટ્રાવેલ એજન્સી પ્રાઈવેટ લિમિટેડ× ને બેસ્ટ ટ્રાવેલ ફ્લીટ ઓપરેટર તરીકે વિજેતા ઘોષિત કરવામાં આવેલ છે . ટ્રાવેલ ટુરિઝમ ક્ષેત્રે શ્રીનાથ ટ્રાવેલ એજન્સી પ્રાઈવેટ લિમિટેડ - છેલ્લા ૪૫ કરતા વધારે વર્ષોથી ગુજરાત રાજ્ય અને ભારતભર માં આગવી ઓળખ ધરાવે છે , કંપની ના ડાયરેક્ટર : શ્રી નંદલાલ કાબરા એ પ્રવાસીઓ નો આભાર વ્યક્ત કર્યો છે , જણાવ્યું છે કે પ્રવાસીઓ ના સાથ,સહકાર અને કંપની પ્રત્યે ના વિશ્વાસ ને કારણે આ મુકામ પર પહોંચી શકાયું.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.